અપીલ અરજી નં. ૫૯૫ તા.૩૧–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મુકેશભાઈ નેમચંદભાઈ મહેતા
સામાવાળાઃ– ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
એડી.સીટી ઈજનેર અનેતત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશભાઈ નેમચંદભાઈ મહેતાની તા. ૨૨–૧૨–૧૧ની અરજીથી મિલ્કત નામ ટ્રાન્સફર અરજી કયા નિયમ અનુસાર કેટલા દિવસમાં કરવામાં આવે છે જેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૧–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૯૫/૨૦૧૧–૧૨

શ્રી મુકેશભાઈ નેમચંદભાઈ મહેતાની તા. ૨૨–૧૨–૧૧ની અરજીથી મિલ્કત નામ ટ્રાન્સફર અરજી કયા નિયમ અનુસાર કેટલા દિવસમાં કરવામાં આવે છે જેની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)ના પત્ર નં.સા.ઝોન/અકણ(આરટીઆઈ)/૧૩૭૫ તા. ૨૩–૧–૧૨ તથા ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન / આરટીઆઈ સેલ / ૯૪૫ તા. ૧૩–૧–૧૨થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૧–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ–જોગવાઈ સહ સ્પષ્ટ કરવા તથા વિશેષતઃ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતી–નાગરિક અધિકારપત્ર પૈકીની હોઈ, તે પણ નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૮૭ તા.૬–૨–૧૨ થી** ડે.કમિ. અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), એડી.સીટી ઈજનેર અનેતત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આ.નં. ૧૦૮૨ તા.૧૮–૨–૧૨ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૪૦ તા.૨૮–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આ.નં.૯૪૫ તા.૧૩–૧–૧૨ ના પત્રની નકલ, તથા નાગરીક અધિકાર પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન આકારણી વિભાગ તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૧૫૦૮ તા.૨૪–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૩૯ તા.૨૮–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/ આરટીઆઈ/ આ.નં. ૧૩૭૫ તા.૨૩–૧–૧૨ના પત્રની નકલ, અરજદારને પોસ્ટ કરેલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૨–૧૨–૧૧ ની અરજીથી મિલ્કત નામ ટ્રાન્સફર અરજી કયા નિયમ અનુસાર કેટલા દિવસમાં કરવામાં આવે છે જેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી એસેસમેન્ટ એન્ડ રીકવરી ઉધનાઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૩૯ તા.૨૮–૧૨–૧૧ થી સમય અવધિ બાદ જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આ.નં.૧૩૭૫ તા.૨૩–૧–૧૨ થી "મિલ્કત નામ ટ્રાન્સફર કરવા અંગે) કોઈ સમય મર્યાદા નકકી કરવામાં આવેલ નથી " તેવું સમય અવધિ બાદ જણાવેલ છે. જયારે જે સેન્ટ્રલઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૮૪૦ તા.૨૮–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/આ.નં.૯૪૫ તા.૧૩–૧–૧૨ થી "મંગાવેલ માહિતીના અનુસંધાનમાં જણાવવાનું કે સામાન્ય રીતે નામ ટ્રાન્સફરની અરજીના નિકાલ

દિન–૩૦ માં કરવામાં આવે છે. " તેવું સમય અવધિમાં જણાવેલ છે. જે અંગે અરજદારે મિલ્કત નામ ટ્રાન્સફર કરવા કેટલો સમય મર્યાદા હોય જેની માંગણી કરેલ હોય જેમાં ઉધનાઝોનમાં કોઈ સમય મર્યાદા નકકી કરવામાં આવેલ નથી તો સુમપાના રાંદેરઝોન નામ ટ્રન્સફરના અરજીનો નિકાલ–૩૦ માં કરવામાં આવે છે તો ઉધનાઝોન માટે કેમ નિયમ અલગ છે નામ ટ્રાન્સફર અરજી કર્યાના કેટલા દિવસમાં કરવામાં આવે છે તેની માહિતી આપવી તેવું જણાવી તા.૩૧–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને ઉધનાઝોન તરફથી આપેલ પૂરક વિગતોમાં મિલ્કતના નામ ટ્રાન્સફર અરજી કર્યા બાદ નિયમોનુસાર કેટલા દિવસમાં કરવામાં આવે છે તેવા પ્રશ્ન બાબતે ઉધનાઝોન તરફથી પૂરક વિગતમાં " મિલકતનું નામ ટ્રાન્સફર કરવા અંગે કોઈ સમય મર્યાદા નકકી કરવામાં આવેલ નથી" તેવો જવાબ પાઠવવામાં આવેલ છે. તે બાબતે સ્પષ્ટતા કરતા જણાવેલ છે કે ધીબીપીએમસી એકટમાં આ બાબતે કોઈ જોગવાઈ કરવામાં આવી ન હોવાથી તે મુજબનો જવાબ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જયારે રાંદેરઝોન તરફથી પૂરક વિગતોમાં સદર માહિતી બાબતે દિન–૩૦ ની સમય મર્યાદામાં જવાબ પણ પાઠવેલ છે તે જવાબ પત્રમાં જણાવ્યા મુજબ સામાન્ય રીતે નવી ટ્રાન્સફર અરજીના નિકાલ " દિન–૩૦ " કરવામાં આવે. છે. તેમ જણાવેલ છે. જે અંગે સ્પષ્ટતા કરતાં બીપીએમસી એકટ–૧૯૪૯ ની અનુસુચિ–ક ના પ્રકરણ–૬ અન્વયે નિયમોના નિયમ નં.૧ અને ૨ (૧) ની જોગવાઈ હેઠળ નામ ટ્રાન્સફર કરવામાં આવે છે. સદર નિયમોમાં સમય મર્યાદા અંગે ચોકકસ અને સ્પષ્ટ ઉલ્લેખ થયેલ નથી જે ધ્યાને લેતાં અરજદાર ધ્વારા આનુષાંગિક દસ્તાવેજો સહિત જરૂરી પૂર્તતા કર્યેથી શકય તેટલી ઝડપી મુદ્દામાં નિકાલ કરવાનો રહે છે જે બાબત કચેરીના કાર્યભાર અને અરજી સંદર્ભે ચકાસણી તથા જરૂરીયાતના કિસ્સામાં સ્થળ તપાસ વિગેરે બાબતો સાથે સંકલિત રહેલ હોય તે મુજબ નિકાલ કરવામાં આવે છે અને જે અંગે અન્ય કાયદાકીય જોગવાઈઓમાં સામાન્ય રીતે અરજી નિકાલ અંગે પર્યાપ્ત અને વાજબી સમય મર્યાદા માટે દિન–૩૦ અંગે અનુમોદન રહેલ હોય તદઅનુસાર કાર્યવાહી કરવામાં આવે છે. અને તે ધ્યાને રાખી રાંદેરઝોન કચેરી ધ્વારા મજુકર માહિતી અધિકારી હેઠળ અરજી સંદર્ભે જવાબ પાઠવેલ છે. આમ બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી મળેલ પૂરક વિગતો જોતાં અત્રે એ પણ પ્રસ્તુત છે કે બીપીએમસી એકટ હેઠળ મિલ્કત ટ્રાન્સફર કરવા અંગે કોઈ સમય મર્યાદા નકકી થયેલ નથી અને તેના સમર્થનમાં રાંદેરઝોન ધ્વારા નાગરીક અધિકાર પત્રની નકલ પણ રજૂ કરેલ છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૩૧–૧–૧૨ ધ્યાને લેતાં ૨૯–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૫–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૨–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બંને જાહેર માહિતી અધિકારીઓ તરફથી મળેલ પૂરક વિગતો તથા નાગરીક અધિકાર પત્રની વિગતો જોતાં બીપીએમસી એકટ હેઠળ મિલ્કત ટ્રાન્સફર કરવા અંગે કોઈ સમય મર્યાદા નકકી થયેલ નથી. આમ બંને જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ માહિતી અંગે સ્પષ્ટતા થઈ જતી હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,

(૧) ડે.કમિ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન),એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે

(૨) શ્રી મુકેશભાઈ નેમચંદભાઈ મહેતા